ફીક્સ પગારના લોકરક્ષકો તથા ફીક્સ પગારના
આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરોને બીજા, ચોથા
શનિવાર તથા રવિવાર ઉપરાંત જાહેર રજાના
દિવસે બજાવેલ ફરજ બદલ જાહેર રજા પગાર
આપવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: મહક/૨૦૧૩/૨૭૪૪/સ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:-૨૯/૦૮/૨૦૨૨

<u>સંદર્ભ</u> :-

(૧) ગૃહ વિભાગનો તા.૦૫/૧૨/૨૦૧૩નો ઠરાવ ક્ર.- મહક/૨૦૧૩/૨૭૪૪/સ

(૨) ગૃહ વિભાગનો તા.૨૮/૧૦/૨૦૨૧નો ઠરાવ ક્ર. મહક/૧૦૨૦૨૧/૩૧૧૨/સ

(૩) સમિતિનો તા.૨૯/૦૪/૨૦૨૨ના રોજનો આખરી અહેવાલ

<u>પ્રસ્તાવના</u> :-

ગુજરાત રાજ્યના પોલીસ કોન્સ્ટેબ્યુલરી સંવર્ગના કર્મચારીઓ(એ.એસ.આઈ., હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ, લોકરક્ષક) દ્વારા ગ્રેડ પે વધારવા તથા અન્ય લાભો મેળવવા વિવિધ માધ્યમોથી રજૂઆતો કરવામાં આવેલ. જે રજૂઆતો બાબતે અહેવાલ અભિપ્રાય સહિત રજૂ કરવા સંદર્ભ-(૨)માં દર્શાવેલ ઠરાવથી એક સમિતિની રચના કરવામાં આવેલ. સદરહુ સમિતિએ રાજ્ય સ્તરે રેન્જ વાઈઝ બેઠકોનું આયોજન કરી કર્મચારીઓની લેખિત/મૌખક રજૂઆતો સાંભળી તેનો ગહન અભ્યાસ કરી આખરી અહેવાલ સંદર્ભ-(૩)માં દર્શાવેલ પત્રથી રજૂ કરેલ. સદરહુ સમિતિએ રજૂ કરેલ આખરી અહેવાલની ભલામણો પૈકી એક ભલામણ ગુજરાત રાજ્યના ફીકસ પગારના લોકરક્ષક તથા ફીક્સ પગારના આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરોના રજા પગાર વધારવા બાબતેની પણ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ગૃહ વિભાગના સંદર્ભ-(૧)માં દર્શાવેલ ઠરાવથી ફીક્સ પગારના લોકરક્ષકોને બીજા, ચોથા શનિવાર તથા રવિવારે બજાવેલ ફરજ બદલ એક દિવસના રૂ.૧૫૦/- લેખે રજા પગાર આપવા નિયત થયેલ જોગવાઈ રદ્દ કરીને ફીક્સ પગારના લોકરક્ષકો તથા ફીક્સ પગારના આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટરને બીજા, ચોથા શનિવાર તથા રવિવાર ઉપરાંત

જાહેર રજાના દિવસે પણ બજાવેલ ફરજો માટે પ્રતિ દિવસના રૂા.૬૬૫/- લેખે માસિક પગાર સાથે રોકડમાં રજા પગાર આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ ઠરાવનો અમલ તા.૦૧/૦૮/૨૦૨૨ની અસરથી કરવાનો રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની ફાઈલ ક્ર-મહક/૧૦૨૦૨૧/૩૧૧૨/સ ઉપર નાણા વિભાગની તા.૨૩/૦૮/૨૦૨૨, સા.વ.વિ.ની તા.૨૪/૦૮/૨૦૨૨ તથા સરકારશ્રીની તા.૨૯/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Jigar

(જીગર પટેલ)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (કર્મચારી ગણ)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.

- પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- તમામ રેન્જ પોલીસ મહાનિરીક્ષકશ્રી/નાયબ મહાનિરીક્ષકશ્રીઓ
- તમામ પોલીસ કમિશનરશ્રી/તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ
- તમામ સેનાપતિશ્રીઓ, રાજ્ય અનામત પોલીસ દળ, ગુજરાત રાજ્ય
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ